ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

ધનિકોનો 'જુગાર', ખેલ-ક્રીડા-મેચ કહેવાય!
ને ગરીબો રમે તો બિચારા 'શકુનિ' કહેવાય!!
આપે મહત્વ 'મીડિયા' ને ચગાવે છે સમાચાર -
'રમતવીર' નથી, આ 'બૂલફાઈટ' કહેવાય!!
(નવાબો નો કૂકડાં જંગ)

### હાઈકુ

થાય લીલામ
વેંચાય વફાદારી -
પૈસા ખાતર...
(ક્રિકેટરની આબરૂ)

શોધે છે છીંડા
પક્ષપલ્ટા માટેનાં -
નાશી છૂટયા...
(ડૂબતી નાવ)

### ચિંતન

**અશુશ્રુષા ત્વરા શ્લાઘા વિદ્યાયાઃ ।**

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

ગુરુની સેવા ન કરવી, ઉતાવળ તથા પોતાની પ્રશંસા (શ્લાઘા) કરવી. આ ક્ષણ વિદ્યાના શત્રુ છે.

કેટલાક લોકો વિનય-વિવેક કે વડીલોની સેવા સુશ્રુષામાં માનતા નથી અને એ બાબતનો અનાદર કરે છે એમને વડીલોના આશીર્વાદ કે ગુરુકૃપા પ્રાપ્ત થતી નથી.

કેટલાક લોકોનો સ્વભાવ જ ઉતાવળ નો હોય છે કોઈ પણ કામ નિરાંતે સંપૂર્ણ મન અને ઉત્સાહથી કરવાને બદલે ફરજનો ફરજિયાત ફઘોડિયો કરી જેમ-તેમ વેઠવાળી કામ કરી લીધાનો સંતોષ લેતા હોય છે - ઈશ્વર માટેનું કામ સમજી દરેક કામ 'પૂજા' જેવું પવિત્ર સમજી તે ચિત્ત-આત્માથી કરવું - ગમે તેવું નાનું - હલકું કામ કેમ ન હોય? કેટલાક લોકો સદાય પ્રશંસા પામવાના જ પ્રયત્નશીલ હોય છે. બીજાના પરિશ્રમનો પણ યશ ખૂંચવી લેતા હોય છે. આવા લોકો 'અજ્ઞાન' જ કહેવાય.

### સુવિચાર

- બાળકને ઉત્તમ પ્રકારે કેળવવાનો એક જ હસ્તો છે,
  અને તે એ કે આપણે જાતે જ કેળવાવું - **એસ. ભટ્ટાચાર્ય**
- સંસ્કારી પુરુષ જામે છે કે પોતે જે કંઈ કરે છે એનો કમ કે કમ એક સાક્ષી તો છે જ,
  એ છે તે પોતે જ સાક્ષી છે - **હરિન્દ્ર દવે**
- સૌને ભલે સરખી રીતે ચાહી ન શકીએ તો પણ કોઈને ધિક્કારવા ન જોઈએ - **સંત રોબિન**
- જે મદદ કરવાનું હૃદય ધરાવે છે તેને જ બીજાની ટીકા કરવાનો હક્ક છે - **અબ્રાહ્મ લિંકન**
- ધર્મ ન હિંદુ, ન બુદ્ધ, ધર્મ ન મુસ્લિમ, ન જૈન, ધર્મ ચિત્તની શુદ્ધતા,
  ધર્મ શાંતિ સુખ ચૈન - **સત્યાનારાયણ ગોએન્કા**
- જીવન એક રંગભૂમિ છે : લંબાઈથી નહીં પણ એના કર્મથી જ એની કિંમત અંકાય છે - **જીવનસૂત્ર**
- આજનું ઔષધ : કારેલાના પાનનો રસ નવશેકો પીવાથી કરમિયા મટે જ છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જૂનો કર્મચારી, નોકર, કોઈ વૃદ્ધ વડીલ, કોઈ નિરાધાર પરિચિતની પાછળી અવસ્થામાં કે બિમારીમાં તેને યાદ કરી પૂછા કરવા જવું એમાં જ સાચી માનવતા - અમીરીનું ખમીર છુપાયેલું છે. ઔદાર્ય અને વિશાળ હૃદયનો આ જ પરિચય છે.

કેટલાય સમય પહેલાં, રવિવારની એક સવારે પ્રિયંકા ગાંધી પોતાના ખાસ ડ્રાઈવર સાથે કોઈને પણ જાણ કર્યા વિના - સિક્યોરિટી ગાર્ડને અંધારામાં રાણી ઘરમાંથી નીકળી ગયા. જયારે ઘરમાં ને જાણ થઈ, પ્રિયંકા એકલાં કોઈને પણ જાણ કર્યા વિના નિકળી ગયા છે ત્યારે ચિંતામાં દોડાદોડ મચી ગઈ.

પ્રિયંકા દરભંગા લેનની એક ગરીબ ખોલીમાં પહોંચ્યાં - કેમ છો ખલીલ ચાચા ? કહી થોડાં ફળ અને એક કવર બાજુની ટેબલ પર મૂકી - એક સ્ટૂલ પર બેઠાં - ખલીલ ચાચાના કપાળે હાથ ફેરવ્યો...

ખલીલ ચાચા ગાંધી પરિવારનો જુનો ડ્રાઈવર હતો. રાહુલ-પ્રિયંકાને ફેરવવા ખાસ એ જ જતો - એને એટેક આવી ગયો હતો. પ્રિયંકાએ તેની તબિયતની પૃછા કરી. ખલીલ ચાચા કંઈ જ બોલી ન શક્યા. આંખના ખૂણા બોર જેટલાં આંસુથી ઉભરાયા. પ્રિયંકાએ પોતાનાં અને ખળીલનાં આઁસુ લૂચ્છ્યાં અને નીકળી ગયાં...

# વિપક્ષી નેતાઓને ભીંસમાં લેવાના કારસા

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકાર હસ્તકના આવકવેરા વિભાગ દ્વારા ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમ્ તથા બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ રેલમંત્રી લાલુ પ્રસાદ યાદવનાં નિવાસ સ્થાનો પર પાડવામાં આવેલા દરોડા ચર્ચામાં છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ચિદમ્બરમ્ પુત્રના કાર્તિ સામે આ પહેલાં પણ વારંવાર આર્થિક કૌભાંડો સંદર્ભે શંકાની સોય તાકવામાં આવતી રહી છે. એ જ રીતે લાલુપ્રસાદ યાદવ વિરુદ્ધ બિહાર ભાજપના ઐતિહાસિક ચારા કૌભાંડનો આરોપ અદાલતોમાં પુરવાર થયેલ છે અને એમને એની સજા પર સંભળાવાઈ ચૂકી છે. એ સજાને કારણે તેઓ ચૂંટણી લડી શકે એવી સ્થિતિમાં ન રહેતાં એમને બિહારની ગત વિધાનસભાની ચૂંટણી પ્રોક્સી તરીકે પોતાના પુત્રોને આગળ ધરીને લડવાનું પસંદ કર્યું હતું. પ્રજાને આવા અદાલતી ચુકાદાઓ પાછળ પણ રાજકારણની ગંદી રમત રમાઈ હોવાનો અહેસાસ કરાવવામાં લાલુ યાદવ સફળ રહ્યા હતા અને નીતીશકુમારને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે આગળ ધર્યા છતાં સૌથી વધુ બેઠકો એમની પાર્ટીને મળી હતી. આજે એમના એક સુપુત્ર નીતીશ સરકારમાં નાયબ મુખ્યમંત્રી છે. બીજા પુત્ર પણ કેબિનેટ કક્ષાના મંત્રી છે. ચિદમ્બરમ્ લાલુ યાદવની જેમ એમના હોમ સ્ટેટ તમિલનાડુમાં ભારે લોકપ્રિયતા ધરાવતા નેતા નથી. પરંતુ કોંગ્રેસ પાસે એમના બરના પ્રકાંડ બૌદ્ધિક નેતાઓ આંગળીના વેઢે ગણાય એટલા પણ નથી. ચિદમ્બરમ્ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય બૌદ્ધિક નેતાગીરીનું જાજરમાન ઉદાહરણ ગણાતા હતા. એમને રાજીવ ગાંધી, નરસિંહરાવ અને મનમોહનસિંહની સરકારોમાં વિવિધ વિભાગોના મંત્રી તરીકે ખૂબ જ અસરકારક રોલ અદા કરેલો છે એ ન ભૂલવું જોઈએ. ઉદ્યોગમંત્રી, વાણિજયમંત્રી કે નાણાં મંત્રી હોય, વિદેશમંત્રી હોય કે સંરક્ષણ અથવા કાયદા વિભાગનો કાર્યભાર સંભાળતા હોય - પી. ચિદમ્બરમ્ દરેક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બજાવતા રહ્યા છે. પોતે વિદ્વાન ધારાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રીની મૂઠી ઊંચેરી ઈમેજ ધરાવતા હોઈ કોઈ પણ સરકાર માટે એ અસ્કામત જ સાબિત થયેલ છે. એક તબક્કે મનમોહનસિંહના અનુગામી તરીકે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પણ એમનું નામ ચર્ચાયેલું. જો કે ચિદમ્બરમે પોતાની મર્યાદાઓ અને કોંગ્રેસની પરિવારવાદી રાજનીતિથી પૂર્ણપણે વાકેફ હોઈ જાતે જ એવી સંભાવના નકારી કાઢી હતી. જેમણે ચિદમ્બરમ્ને બોલતા સાંભળ્યા હશે એ એમના પ્રાંજલ અંગ્રેજી ઉચ્ચારો અને ભાષાવૈભવથી ભાગ્યે જ પ્રભાવિત થયા વિના રહ્યા હશે. એમની તેમજ એમના પુત્ર કાર્તિ વિરુદ્ધ પીટર અને ઈન્દ્રાણી મુખરજીની આઈએનએક્સ મીડિયા કંપનીને ગેરવાજબી રીતે વિદેશી ભંડોળ ઉપલબ્ધ કરાવવાનો આરોપ છે. લાલુ યાદવ વિરુદ્ધ આક્ષેપોનો ગંજ ખડકાતો રહ્યો છે, જેમાં ભાજપના બિહારી નેતા સુશીલ મોદી દ્વારા પટણામાં એમના પુત્રો દ્વારા માટી વેચી મારવાનો આરોપ લગાવી એમનાં રાજીનામાં મંગાયા છે. કહેવાતા કૌભાંડનું કદ એક હજાર કરોડનું હોવાનો આક્ષેપ કરાયો છે. જો કે ચિદમ્બરમ્ અને લાલુ યાદવે પોતપોતાની શૈલીમાં આક્ષેપો ફગાવી દીધા છે અને આવકવેરાના દરોડા પાછળ રાજકીય કિન્નાખોરી હોવાનું નિવેદન કરેલ છે, પરંતુ કેન્દ્રીય નાણામંત્રી જેટલીએ આઈટી કે સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીઓ પૂરતાં પુરાવા વગર આવા દરોડા નહીં પાડતી હોવાનું જણાવી ભ્રષ્ટાચારી મહાનુભાવોને એમનાં કુકર્મોની સજા ભોગવવી જ પડશે એ મતલબનું નિવેદન કર્યું છે. એમાં કેન્દ્ર સરકાર આવા નેતાઓ સામે તપાસ કરાવવા અને એમને સજા કરાવવા કૃતસંકલ્પ હોવાનો સંકલ્પ સાંપડે છે. ટૂંકમાં, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે મોદી સરકાર સોનિયા - રાહુલથી લઈ ચિદમ્બરમ અને લાલુ યાદવ સુધીના નેતાઓને અદાલતોમાં ચક્કર કાપતા કરી મૂકવા કૃતસંકલ્પ લાગે છે આ પ્રકારની રાજનીતિ વખાણવાલાયક ભલે ન ગણાય પરંતુ સાચા ગુનેગારો મોટા ચમરબંધી હોય તો પણ એમની સામે કામ ચલાવવાની હિંમત સરકારમાં હોવી જ જોઈએ. જો કે, જે રીતે વીણી વીણીને વિપક્ષી નેતાઓ સામે પગલાં લેવામાં આવી રહ્યાં છે તે જ પદ્ધતિથી મોદી સરકારે પોતાના પક્ષના ભ્રષ્ટ સાથીઓ વિરુદ્ધ પણ તપાસના આદેશ કર્યા હોત તો પ્રજામાં એની વિશ્વસનીયતા વધી હોત. એને બદલે ફક્ત વિપક્ષી આગેવાનોને જ એક યા બીજા બહાને સકંજામાં લેવાની કૂટનીતિથઈ ઊલટાની લાલુ યાદવ સામેના કેસો પછી એમને બિહારમાં મળેલી સફળતા એનું ઉત્તમ ઉદાહરણ છે.

# યુવાન સુરેશ અને તેની ગાંધી ટોળી આખાયે કમ્પાર્ટમેન્ટને વાળીને સાફ કરવા મંડી પડે છે

**ઘર દીવડાનું અજવાળું**
**ભાનુપ્રસાદ પુરાણી**

હાવરા - અમદાવાદ સુપર ફાસ્ટ એક્સપ્રેસ પવનગતિથી આગળ દોડી રહ્યો છે. એક્સપ્રેસ ટ્રેને સંકલ્પભૂમિ નાગપુર છોડી દીધું છે રાત્રીના દસેક થવા આવ્યા છે ને ટ્રેન વર્ધાના રેલવે પ્લેટફોર્મ પર આવીને ઊભી રહે છે. વર્ષાની ઓળખ - આપવાની ના હોય. પૂ. ગાંધીબાપુની કર્મભૂમિ ૧૯૩૦ની ૧૨મી માર્ચે સાબરમતી - અમદાવાદના આશ્રમમાંથી કાગડા-કૂતરાના મોંએ મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમાં પાછો નહીં કરૂં ! ની ભિષ્મ પ્રતિજ્ઞા લઈ નીકળેલ એ ગાંધીએ સેંગાવ નામના નાનકડા ગામમાં સ્વરાજ મેળવા ધૂણી ધખાવી સેગાવ - સેવાગ્રામ નામે તીર્થભૂમિ બની એ વર્ધા. સુપર ફાસ્ટ ટ્રેનમાં એક સ્વપ્નસેવી યુવાન સુરેશ પુનડિયા અને સાથે ગાંધીનગર જિલ્લાના અંતરિયાળ ગામ વાંકાનેરડાના ૮ વિદ્યાર્થીઓ બાપુની - વિનોબાની એ પુણ્યભૂમિના દર્શને નીકળેલા ટ્રેનમાં ચઢે છે. સેગાવ - સેવાગ્રામ વર્ધા અને બ્રહ્મવિદ્યામંદિર પવનાર એક ગાંધીની કર્મભૂમિ બીજી વિનોબાની સાધન ભૂમિ ! રાક્ષી ઢળવા આવી છે પુણ્યભૂમિ સેવાગ્રામ અને સંત વિનોભાની કર્મભૂમિ પાવનારને ભરી ભરીને નીરખી દેશશેવાના સ્વપ્નાં સેવતા - અર્ધ જાગૃત અર્ધ નિંદર માણતાં એ ૯ મિત્રો ઝોકે ચઢ્યાં છે. ટ્રેનની બારીમાંથી વહી આવતો ઠંડો પવન જાણે એમને દીશા ચીંધે છે.

પ્રથમવાર જ ગુજરાત છોડી તેઓ મહારાષ્ટ્રના દૂર દૂરના સાર્થખ પ્રવાસે નીકળ્યા છે. સિદ્ધહેમના પાટણનો એ યુવાન એમ.એસ. ડબલ્યું, એમ. ફીલ થઈને કયાંક મામલતદારી કરવાના આદેશને અવગણી વાંકાનેરડામાં ધૂણી ધખાવી બેઠો છે 'મારે ગામડાને જાગૃત કરવું છે'ના સંકલ્પ સાથે એની વયના યુવાનો લગ્ન કરીને રંગીન સ્વપ્નો જોતાં થાય કે સારી નોકરી મેળવી સુખી થવાના સોણલાં સેવતાં થાય એ વયે સુરેશ પુનડિયાએ ગામડાનો સાદ સાંભળી છેલ્લી પાંચેક વર્ષથી વાંકાનેરડાને જ વતન બનાવી એકલપંડે મહાભગીરથ ગ્રામ ઉત્થાનનું કામ સ્વેચ્છાએ ઉપાડી લીધું છે. ગાંધીબાપુનો જીવન સંદેશ 'યુવાનોએ ગામડામાં જઈને સેવા કરવી જોઈએ.' ગુજરાત વિદ્યાપીઠનો અને અનુસ્નાતક એમ. ફિલ થયેલા સુરેશે સ્વેચ્છાએ ફકીરી ધારણ કરી છે બસ એક જ ધૂન એક જ હઠ મારે ગામડાને બેઠું કરવું છે ! ગાંધીના સ્વપ્નનાં સ્વરાજને સાર્થક કરવાની એની મથાણમ છે.

એવો સુરેશ આઠ આઠ વિદ્યાર્થીઓને લઈને ગાંધી-વિનોબાની પૂણ્યભૂમિના દર્શને નીકળ્યો છે. રાત્રી વહી ચૂકી છે. પરોઢ થવાની તૈયારી છે. પૂર્વની ક્ષિતિજમાંથી ભરી ભરી લાલાશ નજરે ચઢે છે. ભળભાંખળું થવામાં છે.

ડબ્બામાંના સૌ મુસાફરો હવે જાગી ગયા છે સુરેશ અને તેની ટોળી ધૂન શરુ ખરે છે : 'રઘુપતિ રાઘવ રાજા રામ, પતિતપાવન સીતારામ !' સૌ સાથ પુરાવે છે ભજનો - ગીતો અને રાષ્ટ્રપ્રેમના બાપુને પ્રિય ગીતો વળી ભૂદાન ગીતો પણ ખરાં, વાતાવરણ આખું ગુંજી ઊઠે છે. ત્યાં એક હાથે અપંગ એવો માણસ ડબ્બામાં ચઢે છે હાથમાં જાજે કરવા જીવનને ઉજ્જવળ અવસર મળ્યો છે. આજે જગના પ્રવાસી સૌ ભાવવિભોર બની ગયાં છે કેવો મધુર અવાજ ! સુરેશ કહે છે ! 'વૈષ્ણવજન આવડે છે ?' પેલો અપંગ ગાયક કહે છે, હા, તો ગાવને ! એ એવા જ મધુર રાગની, પ્રેમથી વૈષ્ણવજન ગીત સંભળાવે છે. નાચી જ પટ્ટીઓના તાલે... ને પછી ગાયક હઠ પકડે છે સુરેશને કહે : તમે કહ્યું ને મેં ગાયું ! તમારે મને ૫૦/- રૂા. આપવા પડશે ! એક તરફ એની જીદ તો બીજી તરફ નાણાંને વર્જ્ય ગણતા સુરેશ પાસે ન મળે કાણી પાઈ, પણ થાય શું ! સુરેશને રસ્તે સૂઝે છે પેલા અપંગ ગાયકને કહે : આપણે એમ કરીએ. હવે હું ગાઉં ને તું વગાડે. થાવ તૈયાર ! બંને જણા એક જ નહીં બે - ત્રણ કંપાર્ટમેન્ટમાં ફરી વળે છે સુરેશ ગાય અને પેલો ભાઈ વગાડે. ભક્તિગીતો રાષ્ટ્રગીતો, ગાંધી વિનોબાને પ્રિય ભજનોથી વાતાવરણ ભર્યું ભર્યું ભીંજાય

અનુસંધાન પાના નં. ૭ પર

# જન ના દેખું કયાંય, એકલો તડકો ફળિયે રખડે



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

અત્યારે ઉનાળો એના અસલ અમલમાં છે. કાળઝાળ ગરમી પડી રહી છે એવું લખ્યા વગર ચાલતું નથી. કારણ કે ગરમી એનું મન મૂકીને પડી રહી છે તે તડકો તેનું દિલ ખોલીને વરસી રહ્યો છે એવું જો હું ભૂલેચૂકે ય લખી બેસું તો તમે બધા મને ગાંડાની હોસ્પિટલમાં મૂકી આવવા તૈયાર થઈ જાવ એમાં કોઈ મીનમેખ નથી. કાકાસાહેબ કાલેલકરે જો કે 'તડકાનું કાવ્ય' એવો અફલાતુન નિબંધ લખ્યો છે. પરંતુ આપણામાં કાકાસાહેબ જેવી ઔદાર્ય નિહાળવાની દૃષ્ટિ નહીં. આપણને તો બળબળતા ઉનાળામાં છાંયડો શોધતાં કૂતરાં સિવાય કશું દેખાય નહીં.

લ્યો, કૂતરાંની વાત નીકળી છે તો ભેગાભેગ અમારા કૂરકૂરિયાંની ય થોડીક વાત કરી લઉં. લગભગ દોઢ વરસ પહેલા આ લેખમાં માતા વગરના પાંચ ગલુડિયાં કેટલાં કષ્ટથી મોટા થયાં એની વાતો કરવામાં આવી હતી. તેમાંથી ત્રણ માદાઓ હજુ હયાત છે. ત્રણેના રહેવાના સ્થળ અલગ પડી ગયા છે. ત્રણમાંથી બે વિયાઈ છે. એમાંથી એક 'ડોલી' નું એક બચ્ચું જીવતું રહ્યું છે. અમારા ઘર પાસે આંટાફેરા મારે છે એ 'મરેલી' ના ત્રણ બચ્ચાં કૂતરાં એને એટલી બધી વાર કરડી ગયા છે કે પાંચસાત વાર એની હાલત એટલી બધી કફોડી થયેલી કે 'હવે મરેલી ના જીવે' એવું અમે માનતા થઈ ગયા હતા. પરંતુ મરેલીના જીવનમાં દુઃખ પારાવાર છે પણ મોત હજી છેટું હશે, ગમે તે કારણોસર તે મરણતોલ હાલતમાંથી બહાર નીકળી શકી છે. હવે એ પૂંછડી ટટ્ટાર રાખીને ચાલી શકે છે. કોઈ અજાણ્યાને ભાળે તો જોરજોરથી ભસી શકે છે.

પહેલાં તો અમને ખભર જ નહોતી કે મરેલી કયાં વિયાઈ છે. મરેલી દિવસમાં બે વાર ખાવાના સમયે અમારા ઘર બાજુ આવી ક્ષુધાપૂર્તિ કરી જતી હતી. એક દિવસ હું બપોરના ત્રણેક વાગ્યાના સમયે (શિયાળાની વાત છે!) અમારા ઘરનું રીપેરીંગ ચાલતું હોવાથી રસ્તા પર ઊભો હતો. ત્યાં મરેલી સામેના રસ્તા બાજુથી લથડતી ચાલે આવતી હતી. એની પાછળ ત્રણ નાના રમકડાં જેવા ગલુડિયાં આવ્યા. અમે તો આ ગલુડિયાં જોઈ ખુશ થઈ ગયા. મરેલીને પણ જાણે આશરો મળ્યોહોય એમ રાજી થઈ. જયાં બાળપણમાં મરેલી અને એના સહોદર રહેતા હતા ત્યાં એમની રહેવાની વ્યવસ્થા કરી. જીવદયા ધરાવતા પાડોશીઓએ પણ એમની ફરજ સુપેરે બજાવી. એક ગફલત થઈ. એક ગલુડિયું ખબર નહીં કયારે એની જૂની જગ્યાએ જઈ સંતાઈ ગયું. મેં એકલાએ જ ત્રણ ગલુડિયાં જોયા હતા. બાકી બધાએ બે જ ભાળેલા. પાછા કોઈ મારી વાત માને નહીં. 'ના, ભાઈ બે જ ગલુડિયાં છે.' એવું કહે રાત પડી અને ભેદ ખુલ્યો. જેવું અંધારું થયું કે પેલું એકલું પડેલું બચ્ચું રડવા માંડ્યું. આ બાજુ મરેલી પણ ચિત્રવિચિત્ર આલાપો કરવા માંડી. મારી વચેટ દીકરી બેટરી લઈ અવાજની દિશામાં ગઈ. એક ઝૂંપડાવાસીના બળતણના લાકડાં તળે બનાવેલા ખાડામાં પેલું અનાથ બાળક ઉવાંવ... ઉવાંવ... કરતું હતું. મારી દીકરીએ એને તેડી લીધું. લાવીને એના ભાડુરાં સાથે મૂકી દીધું. ત્યારે મરેલીનો શ્વાસ હેઠો બેઠો. બીજાં કૂતરાં મારી ના નાખે એટલે ચારેબાજુ પથ્થરો ગોઠવી ગલુડિયાંને સલામત કર્યા. મરેલી બહાર રહી. ખાલી ખાવાના સમયે બધાને બહાર કાઢવામાં આવતા અને અડધો પોણો કલાકમાં બિચારાં પાછાં પૂરાઈ ગયા.

હાલે લગભગ એક મહિનાથી ત્રણે જીવો મુકત છે. ત્રણે બારકસો આખો દિવસ સામેની સરકારી જંગલ ઝાડીમાં રખડ્યા કરે છે. જયાં ત્યાંથી ખાવાનું ગોતી લે છે. જો કે સવાર-બપોર-સાંજ ડૉકટરના પ્રિસ્ક્રીપ્શન મુજબ અમારી પાસેથી ખોરાકની ઉઘરાણી કરી જાય છે. પહેલાં તો દૂધ વગર કશું ખાતા ન હતાં. હવે સુક્કી-લુખ્ખી રોટલીઓ પણ ચગચગાવી જાય છે. સામે ગાયો માટે પીવાના પાણી માટે કૂંડી ગોઠવી છે. એમાં ગરમી લાગે ત્યારે ખંખોળિયું ખાઈ આવે છે. બપોરના સમયે સીતાફળીના છાંયડે લહેરથી આડા પડી રહે છે ઘરમાં ઝાંપા ખુલ્લા રહી ગયા હોય તો બેરોકટોક કમ્પાઉન્ડમાં ઘુસી જાય છે. ઝપટમાં આવે તો ચંપલ - મોજડી ઉઠાવી જાય છે અને ભેગા ળી તેનો મોક્ષ કરે છે.

આ 'મરેલી' અને તેનો પરિવાર મને અનેકવાર અકળાવે છે, બેચને કરી મૂકે છે. આજે પણ કેવું થયું જુઓને ! મારે કહેવી હતી ઉનાળાની વાત. મોગરા, ગુલમહોર અને ગરમાળાની વાતો અગાઉ કરી હતી એટલે આજે ખાસમખાસ કેરીની વાત માંડવી હતી. પણ લખાઈ ગઈ શ્વાન કહાની. કાંઈ વાંધો નહીં, કેરીની વાતો ફરી કોઈ વાર કરીશું.

ઉનાળાની કશી વાત ના થઈ શકી પણ એનું ગીત તો ગાઈ શકાશે ને ? આપણા જાણીતા કવિ જયંત પાઠકે 'ઉનાળાની ઉડભંગ ક્ષણોમાં' એવા અનોખા શીર્ષક હેઠળ એક મજાનું ગીત લખ્યું છે, એની થોડીક મજા માણીએ.

**ઉનાળાની ઉડભંગ ક્ષણોમાં**

જપમાં ઊભાં ઝાડ અને આ તપમાં બેઠા પ્હાડ,
ચકલુંયે ના ફરકે, જાણે ધોળે દિવસે ધાડ!
બ્હાર ન નીકળે બાળ, એકલો તડકો ફળિયે રખડે
શરારતી સૂતાં કૂતરાંના કાને જૈને કરડે!
ભીંત અઢેલી ઊભા ભોળઈયા ખરપીઠે ચઢી બેસે
દોડાવે ચોગરદમ ડફણાટે વણકારણ વાંસે !
આળોટે ધૂળમાં ને અધ્ધર ઊડી છાપરે ચઢતો
પતરાંનળઈયાં ટીપી ભાંગી ઘરમાં કૂદી પડતો!
તલાવડે ઊંડે મ્હોં બોળે, સીમ સૂક્કું ખડ ચરતો
ઉત્તર દખ્ખણ અવળોસવળો ઊંધો-ચત્તો ફરતો;
ચકળવકળ આંખોમાં ચક્કર ફરે ખોયણાં ભડકા
નીચે ભડભડ દરિયો ઊંચે બળે ગગનના ફડકા !

- જયંત પાઠક

# જીવનસાથીની કદર કરતાં શીખો, તેની અવગણના કે અવહેલના કદી ના કરશો



'ઘાયલ' સદાય હસતી એની નજર કનેથી,
મેં મુફલિણીમાં પુષ્કળ તાકાત મેળવી છે.

- અમૃત 'ઘાયલ'



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

મંદિર પરિસરના બાંકડે બેઠેલા એક સદ્ગૃહસ્થ સાથે સહજ પરિચય કેળવાયો. પ્રશ્ન ઓળખાણે... ભીતરના કમાંડ ઊઘડ્યાં... અસ્ખલિતપણે એ વૃદ્ધ વ્યક્તિઓ પોતાની જીવનકથાનાં પાનાં ફેરવવા માંડ્યા... નિવૃત્તિના બેદાયકા વિતાવ્યા... પરિવાર સુખી સંપન્ન.... આંખ આગળ ચાર પેઢીની લીલીવાડી.... નિષ્ઠાવાન - કર્મઠ શિક્ષક ધર્મ બજાવ્યાનો આનંદ... પરંતુ પ્રબળ ધર્મભાવના ધરાવતી આદર્શ સહધર્મચારિણીને શિક્ષિકા એવી પત્નીનો ખાલીપો પંડને કેવો પીડે છે એ વાત કરતાં આ બુઝુર્ગની આંખોના ખૂણા ભીના થઈ ગયાં !! પત્ની વિનાના સાવ લુખ્ખા એકાકી જીવનનો વસવસો આ પાકટ જનને કોરી ખાતો હતો...

'કૌન દેતા હૈ ઉમ્રભર કા સહારા, લોગ તો જનાજા મેં ભી કંધે બદલતે રહતે હૈ...'

દોસ્તો, લોકો કહે છે કે, એકલા આવ્યા અને એકલા જવાનું...!! શું લઈ આવ્યા અને શું લઈ જવાના...

આ વાત તદ્દન સાચી છે પરંતુ તેના કરતાં પણ વધારે સાચી અને વધારે મહત્ત્વની વાત એ છે કે એકલા આવ્યા... એકલા જવાનું એ ખરું... પરંતુ એકલા જીવવાનું શક્ય છે ?

જીવન સાથી વિના જીવન પસાર કરવું કેટલું મુશ્કેલ છે...?

જનાર વ્યક્તિ આમ તો કશું લઈ જતી નથી અને છતાં આપણું સર્વસ્વ લઈ જાય છે...

'કોણે કહ્યું ખાલી હાથે મરી જવાના.
દુનિયાથી દિલના ચારે ભરી જવાના.'

જીવનસાથીની કદર કરતાં શીખો. તેની અવગણના કે અવહેલના કદીના કરશો. 'જીવનસાથી' માંથી 'જીવ' નીકળી જાય પછી કેવળ 'ન સાથી' રહી જાય છે. પછી કશામાં જીવ લાગતો નથી. ઘરમાં બેઠા હોઈએ ત્યારે... ઘડીકમાં તેના અવાજનો રણકો કાનમાં સંભળાય છે. યાદોનો ગડગડાટ દિલમાં ગૂંજી ઊઠે છે. ખાલી મકાનમાં પડઘા પડતા હોય તેમ તેના પડઘા મનમાં પડે છે. પણ આ બધું થોડી જ વારમાં ભ્રમ સાબિત થાય છે.

ખાવાના મેજ ઉપર તેની ભાવતી વાનગી જોઈને આંખની પાંપણ આપોઆપ ભીની થઈ જાય છે. બહાર નીકળતાં એની એ જ દુનિયા અને એના એ જ લોકો અજાણ્યા લાગવા માંડે છે. જીવનસાથી સાથે વિતાવેલ સમય અને સ્મરણોનું ગૂંચડું ગળામાં ડૂમો બની જાય છે. આંખમાં આંસુ પણ થીજી જાય છે. માટે કહું છું કે આજથી અને અત્યારથી જ તમારા જીવનસાથીની કદર કરતા શીખો. કયારેક વિચાર કર્યો છે કે જીવનસાથી વિદાય લે તો શું દશા થાય?

વિચાર ન કર્યો હોય તો આજે જ કરજો અને આજથી તમારી પ્રિય વ્યક્તિને અસીમ પ્રેમ કરવાનું શરુ કરી દેજો. અને સ્નેહવર્ષાથી નવડાવી દેજો. અને સામે તમારી પ્રિય વ્યક્તિના પ્રેમને ઝીલવા અને તેનું સન્માન કરવા તત્પર રહેજો. તમારી પ્રિય વ્યક્તિને દિલથી જણાવો કે તું છે તો આ બધું છે કારણ કે તું છે તો હું છું... તું ન હોય તો હું સાવ એકાકી... તારા વગર આખું જગ સૂનું. જે આજે પ્રેમ નથી કરી શકતો તે પાછળથી પસ્તાય છે... ચાલી ગયેલી આજ કયારેક પાછી નથી આવતી... અને ચાલી ગયેલી વ્યક્તિ પણ...!!! Love is life

દોસ્તો, Open ઔર Close દોનો વિરોધી શબ્દ છે, લેકિન કિતની મજે કી બાત હૈ કી હમારા મન Open ઉસી કે સામને હોતા હૈ, જો હમારે બહુત Close હોતા હૈ...

"ધીરે ધીરે ઉમ્ર કટ જાતી હૈ,
જીવન યાદો કી પુસ્તક બન જાતી હૈ.
કભી કિસી કી યાદ બહુત તડપાતી હૈ
ઔર
કભી યાદોં કી યાદ બહુત તડપાતી હૈ"

અંતમાં લાગણીભીની સહજ સંવેદના...

'થોડા સફેદ વાળ પ્રિયે આજેતારા જોયા.
અફસોસ થયો એવો કે કેટલા વર્ષો ખોયા.
થોડા વિખરાયા, થોડી જાતને સંભાળી,
લડતાં ઝઘડતાં આપણે કેટલા સપનાં જોયા.
મુકામો કેટલા ને વિસામા પણ કેટલા?
નીતરતી આંખોએ કેટલા અવગુણ ધોયા.
ચાલ આજથી ક્ષણો
બધી ભરી દઉં તારી સુગંધથી,
કાળના લેખ કોણે જોયાં?'

**સ્પર્શમણિ :**

જયારે તમે તમારા જ લોકોને સ્વીકારી કે સમજી નથી શકતા ત્યારે તમારે એકલતાની સજા ભોગવવી પડે છે.

- Rasikvaland1965@gmail.com